અપીલ અરજી નં.૩૦૯ તા .૩૦–૯ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલ
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલની તા. ૨૬–૮–૧૧ની અરજીથી સંબંધિત વિભાગના માહિતી અધિકારી પ્રતિ, અમારે જોઈતી માહિતી (૧)મહારાષ્ટ્ર રાજયમાંથી ઉકઈધરણનાં કારણે જમીન ,ઘર ગુમાવનારા અને ગોધરા તરફથી આવતાં આદિવાસીઓએ સુરતમાં રોજી રોટી મેળવવા સુરતમાં આવે છે (૨) એ લોકો આખો દિવસ કાળી મજુરી કરી રોડ ઉપર રાત્રે ચુલો બનાવી પેટનો ખાડો પુરવા કાચી–પાકી રોટલી બનાવી ખાઈને રોડ પર જ સુઈ જતાં હોય છે અને એવી રીતે સુતેલા(૩)કેટલાક કુંટુંબોનાં સદસ્યોના રાત્રીનાંસમયે બેફામ દોડતી ટ્રકોમાં કચડાઈને મૃત્યુ પામે એ જગ–જાહેર વાત છે સુ.મ.પા.એ આવા નિરાધાર ભીખારી, જે લોકોને ઘર નથી ,માંગીને ખાય એવા લોકો માટે સુરતમાં મહાનગરપાલિકાએ રેનબસેરા બનાવવાનું કંઈક આયોજન કરેલ છે ? અગર આયોજન કરેલ હોય તો કયા વિસ્તારમાં કરેલ છે એની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩૦–૯–૧૧ ની **SMC/FAP/** નં.૩૦૯/૨૦૧૧–૧૨

શ્રી વિઠ્ઠલભાઈ એસ.પાનપાટીલની તા. ૨૬–૮–૧૧ની અરજીથી સંબંધિત વિભાગના માહિતી અધિકારી પ્રતિ, અમારે જોઈતી માહિતી (૧)મહારાષ્ટ્ર રાજયમાંથી ઉકઈધરણનાં કારણે જમીન ,ઘર ગુમાવનારા અને ગોધરા તરફથી આવતાં આદિવાસીઓએ સુરતમાં રોજી રોટી મેળવવા સુરતમાં આવે છે. (૨) એ લોકો આખો દિવસ કાળી મજુરી કરી રોડ ઉપર રાત્રે ચુલો બનાવી પેટનો ખાડો પુરવા કાચી–પાકી રોટલી બનાવી ખાઈને રોડ પર જ સુઈ જતાં હોય છે અને એવી રીતે સુતેલા. (૩) કેટલાંક કુંટુંબોનાં સદસ્યોના રાત્રીનાં સમયે બેફામ દોડતી ટ્રકોમાં કચડાઈને મૃત્યુ પામે એ જગ–જાહેર વાત છે સુ.મ.પા.એ આવા નિરાધાર ભીખારી, જે લોકોને ઘર નથી ,માંગીને ખાય એવા લોકો માટે સુરતમાં મહાનગર પાલિકાએ રેન– બસેરા બનાવવાનું કંઈક આયોજન કરેલ છે ? અગર આયોજન કરેલ હોય તો કયા વિસ્તારમાં કરેલ છે તેની વરાછાઝોન તરફથી માહિતી આપવા બાબતે માંગેલ માહિતીનો જવાબસંતોષકારક આપેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩૦– ૯ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા રેનબસેરા અંગે વૈધાનિક બજેટલક્ષી કોઈ આયોજન હોય તો દફતરી વિગત સ્પષ્ટ કરવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૯ તા.૧૦–૧૦–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને વરાછાઝોનના જાહેર માહિતી અધિકારી ધ્વારા સંતોષકારક જવાબ આપેલ નથી તેવું જણાવેલ છે તે અન્વયે મળેલ જવાબ સહિત કઈ રીતે સંતોષકારક નથી તે આધાર હોય તો તે સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૧૩ તા.૯–૮–૧૧ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ તથા વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૧૩ તા.૯–૮–૧૧ જણાવતી પરંતુ સહી થયેલ તા.૨૭–૮–૧૧ ના રોજ અને તા.૨૭–૮–૧૧ થી તમામઝોનને તબદીલ કરવામાં આવેલ પત્રની નકલ, બીપીએલ કાર્ડની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૧૩ તા.૯–૯–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને સંબોધતી અરજી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જે વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૧૩ તા.૨૭–૮–૧૧ ના રોજ તમામઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસધાને વરાછાઝોન તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૪૧૩ તા.૯–૯–૧૧ થી " પૂર્વઝોન (વરાછા) મારફત (૧) સેન્ટ્રલ વેર હાઉસ રોડ પરના પે એન્ડ યુઝ ટોયલેટના પ્રથમ માળ પર (૨) બોમ્બે કોલોની કાપોદ્રા ખાતેના તે એન્ડ યુઝ ટોયલેટના પ્રથમ માળ પર (૩) ૧૫૦' રોડ સંતોષીનગર–કરંજ ખાતે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટના પ્રથમ માળ પર તથા (૪) બોમ્બે માર્કેટ ડિસ્પોઝલ પ્લાન્ટ પાસે આવેલ પે એન્ડ યુઝ ટોયલેટના પ્રથમ માળ પર રેનબસેરા બનાવવાનું આયોજન કરેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે વરાછાઝોનના માહિતી અધિકારીએ સંતોષકારક જવાબ આપેલ નથી તેવું જણાવી તા.૩૦–૯–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે અંગે અરજદારને

પૂરક વિગતોમાં આપેલ જવાબ  કઈ રીતે સંતોષકારક નથી તેના આધાર સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અપીલ તબકકે રજૂ કરવામાં આવેલ નથી.  અત્રે એ પણ સૂચક છે કે  અરજદારે માત્ર વરાછાઝોનના  જાહેર માહિતી અધિકારી  સામે અપીલ કરેલ છે.  જાહેર માહિતી અધિકારીએ અરજદારે માંગેલ  માહિતી અંગે આયોજન કરેલ વિસ્તાર સહિતની માહિતી પૂરી પડાયેલ જણાય છે આથી અપીલ અરજી અંગે કોઈ વિશેષ કાર્યવાહી કરવાની રહેતી નથી.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૨૬–૮–૧૧ ની અરજીથી માંગેલ માહિતી  જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :        –૧૧–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને  જાહેર માહિતી અધિકારી(વરાછાઝોન)....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,